**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

**વેબસાઈટ : www.rbi.org.in**

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

ઓગસ્ટ 30, 2016

## સૉવરીન સુવર્ણ બોન્ડ યોજના નો પાંચમો તબક્કો સપ્ટેમ્બર 01, 2016 એ ખૂલશે

ભારતીય રિઝર્વ બેન્કે, ભારત સરકાર સાથે પરામર્શ કરી ને સૉવરીન સુવર્ણ બોન્ડ્સ નો પાંચમો તબક્કો જારી કરવા નું નક્કી કર્યું છે. બોન્ડ માટે ની અરજીઓ સપ્ટેમ્બર 01, 2016 થી સપ્ટેમ્બર 09, 2016 સુધી સ્વીકારવા માં આવશે. બોન્ડ્સ સપ્ટેમ્બર 23, 2016 ના રોજ જારી કરવામાં આવશે. બોન્ડ્સ નું વેચાણ બેન્કો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો અને માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેંજો જેમ કે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ દ્વારા કરવામાં આવશે.

બોન્ડ ની લાક્ષણિકતાઓ:

| ક્રમાંક | આઈટમ (Item) | વિગતો |
|---|---|---|
| 1. | વસ્તુ નું નામ | સૉવરીન સુવર્ણ બોન્ડ્સ 2016 – 17શ્રેણી II |
| 2. | ફાળવણી | ભારત સરકાર વતી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા જારી કરશે. |
| 3. | પાત્રતા/યોગ્યતા | બોન્ડ નું વેચાણ નિવાસી ભારતીય કંપનીઓ વ્યક્તિઓ સહિત, HUFs, ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને શાખાવતી સંસ્થાઓ સુધી સીમિત રહેશે. |
| 4. | ડીનોમિનેશન | બોન્ડ સોના ના 1 ગ્રામ ના મૂળભૂત એકમ સાથે તેના ગ્રામ ગુણાંકમાં વરાયેલ હશે. |
| 5. | મુદત | બોન્ડ્સ ની મુદત વ્યાજ ચુકવણી ની તારીખે ઉપયોગ કરી ને 5 વર્ષ બહાર નીકળવના વિકલ્પ સાથે 8 વર્ષ ના ગાળા માટે હશે. |
| 6. | ન્યૂનતમ કદ | ન્યૂનતમ મંજૂરીપાત્ર રોકાણ 1 ગ્રામ સોનું હશે. |
| 7. | મહત્તમ મર્યાદા | નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) દીઠ એકમ દ્વારા સબ્સ્ક્રાઇબ કરાતી મહત્તમ રકમ વ્યક્તિ દીઠ 500 થી વધુ ગ્રામ રહેશે નહીં. આ અસર નું સેલ્ફ ડિક્લેરેશન મળવવા/લેવા માં આવશે. |
| 8. | સંયુક્ત ધારક | સંયુક્ત હોલ્ડિંગ ના કિસ્સામાં 500 ગ્રામ રોકાણ મર્યાદા ફક્ત પ્રથમ અરજદાર પર લાગુ કરવામાં આવશે. |
| 9. | ઈસ્યુ ભાવ | બોન્ડ નો ભાવ ભારતીય રૂપિયા માં, ભારતીય બુલિયન એન્ડ જ્વેલર્સ એશોસીએશન (IBJA) લિમિટેડ દ્વારા પ્રકાશિત કરાતા 999 શુદ્ધતા ના સોના ના સબ્સ્ક્રિપશન સમય ના આગળ ના સપ્તાહ (સોમવાર થી શુક્રવાર) ના બંધ ભાવ ની સાદી સરેરાશ પર થી નિશ્ચિત કરાશે. |
| 10. | ચુકવણી વિકલ્પો | બોન્ડ્સ નું પેમેન્ટ કેશ (મહત્તમ ₹ 20,000/- સુધી), ડિમાન્ડ ડ્રાફ્ટ, ચેક અથવા |

| | | |
|---|---|---|
| | | ઈલેક્ટ્રોનિક બેંકિંગ થી (કરવાનું) રહેશે. |
| 11. | ફાળવણી ફોર્મ | જીએસ (GS) એક્ટ 2006, હેઠળ ભારત સરકાર ના સ્ટોક જેમ. રોકાણકારો ને હોલ્ડિંગ સર્ટિફિકટ જારી કરવામાં આવશે. બોન્ડ્સ ડિમેટ માં પરીવર્તન માટે લાયક છે. |
| 12. | પરત ચુકવણી નો ભાવ | પરત ચુકવણી નો ભાવ, ભારતીય રૂપિયા માં, IBJA દ્વારા પ્રકાશિત કરાતા 999 શુદ્ધતા ના સોનાના આગળ ના સપ્તાહ (સોમવાર – શુક્રવાર) ના બંધ ભાવ ની સાદી સરેરાશ પર આધારિત હશે. |
| 13. | વેચાણ માટે ચેનલ | બોન્ડ નું વેચાણ બેન્કો, SHCIL અને નિયુક્ત પોસ્ટ ઓફિસો (અધિસુચિત કર્યા પ્રમાણે), અને માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેંજો જેમ કે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ, દ્વારા સીધું કે એજન્ટસ મારફતે કરવામાં આવશે. |
| 14. | વ્યાજ દર | રોકાણકારો ને શરૂઆત ના  મૂલ્ય પર 2.75% પ્રતિ વર્ષ ના દરે, અર્ધ વાર્ષિક ધોરણે વળતર આપવા માં આવશે. |
| 15. | જામીનગીરી (collateral) | લોન માટે બોન્ડ્સ ને જામીનગીરી જેમ વાપરી શકાશે. લોન ટૂ વેલ્યૂ (LTV) ગુણોત્તર સામાન્ય સુવર્ણ લોન માટે રિઝર્વ બેન્કે વખતો વખત આદેશ કર્યા પ્રમાણે રાખવા નો રહેશે. |
| 16. | KYC ડોક્યુમેન્ટ | તમારા ગ્રાહક ને જાણો (KYC) ના ધોરણો ધન સોના ની ખરીદી માટે જરૂરી હોય તેવા જ રહેશે. KYC દસ્તાવેજો જેવા કે મતદાતા ઓળખપત્ર, આધાર કાર્ડ, PAN અથવા TAN/પાસપોર્ટ ની જરૂરી છે. |
| 17. | કર (ટેક્ષ ) ટ્રીટમેન્ટ | બોન્ડ પર નું વ્યાજ ઈન્કમટેક્ષ એક્ટ, 1961 (1961 ના 43) ની જોગવાઈઓ અનુસાર કરપાત્ર હશે. SGB ની પરત ચુકવણી વખતે વ્યક્તિ ને થતા મૂડી લાભ (નફો) ટેક્ષ મુક્ત છે. બોન્ડ ટ્રાન્સફર થી વ્યક્તિ ને થતા મૂડી લભ ને ઈંડેક્સેશન નો લાભ આપવામાં આવશે |
| 18. | ટ્રેડેબિલિટી | બોન્ડ્સ ના સોદા (ટ્રેડેબલ) સ્ટોક એક્ષ્ચેંજો/NDS-OM પર આર.બી.આઈ અધિસુચિત કરશે તે  તારીખ થી થઈ શકશે. |
| 19. | SLR પાત્રતા | બોન્ડ્સ સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો ના હેતુ  માટે પાત્ર હશે. |
| 20. | દલાલી | કુલ ભરણા ના 1% ના દરે ભરણું સ્વીકારનાર ઓફિસો ને દલાલી ચૂકવવા માં આવશે અને ભરણું સ્વીકારનાર ઓફિસો એ તેમને મળેલ દલાલી માંથી 50% એજન્ટ અથવા સબ એજન્ટ સાથે, તેમના દ્વારા લાવેલ ધંધા માટે વહેંચવાનો રહેશે. |

એ યાદ કરાવવા નું કે માનનીય નાણાં પ્રધાને યુનિયન બજેટ 2015-16 માં સોવરીન સુવર્ણ બોન્ડને સોનું ધાતુ સ્વરૂપે ખરીદવા ના વિકલ્પ રૂપે નાણાંકીય અસ્ક્યામતો ના વિકાસ વિષે જાહેરાત કરી હતી. તે મુજબ 2015-16 અત્યાર સુધી માં ચાર તબક્કાઓ ની ફાળવાળી હાથ ધરવામાં આવી છે.

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/531